અપીલ અરજી નં.૪૧૪ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી ટી.પી.–૯ મજૂરા, ફા.પ્લોટ નં.–૫૩/બી, પૈકી સબ પ્લોટ નં.૩૭ પર તૈયાર થયેલ બાંધકામ બાબતે મુદ્દા નં.(૧)કરીમાબાદ સોસાયટીના ઉપરોકત સ્થળે તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ ? તેની વિગત આપશો. મુદ્દા નં.ર આ બાંધકામના ગ્રાઉન્ડ ફલોર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.૩ ગ્રાઉન્ડ ફલોર પ્લાનમાં મંજુર થયેલ પ્લાન મુજબનું બાંધકામ છે કે કેમ? જો ના હોય તો મંજુર પ્લાન કરતા વધુ બાંધકામ બદલ અન્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૪/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી ટી.પી–૯ મજૂરા , ફા.પ્લોટ નં.–૫૩ / બી , પૈકી સબ પ્લોટ નં.૩૭ પર તૈયાર થયેલ બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) કરીમાબાદ સોસાયટીના ઉપરોકત સ્થળે તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ ? તેની વિગત આપશો વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગત નકલ સહ મોકલવા પત્ર નં.**આરટીઆઈ સેલ/ ૧૧૬૪ તા.૨૮–૧૧–૧૧થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલ બાદ માહિતી મળેલ હોય તો ત્યાર બાદ પણ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/ આ. ૧૦૧૫ તા.૧૪–૧૨–૧૧થી નોંધ વિભાગ, ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ / જાવક/ ૩૮૩ તા.૨૦–૧૦–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, એકનોલેજમેન્ટની પહોંચની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં. નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૩૮૩ તા.૨૦–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) કરીમાબાદ સોસાયટીના ઉપરોકત સ્થળે તૈયાર થયેલ બાંધકામ મંજૂર પ્લાન મુજબનું છે કે કેમ ? તેની વિગત આપશો. મુદ્દા નં.ર આ બાંધકામના ગ્રાઉન્ડ ફલોર પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.૩ ગ્રાઉન્ડ ફલોર પ્લાનમાં મંજુર થયેલ પ્લાન મુજબનું બાંધકામ છે કે કેમ? જો ના હોય તો મંજુર પ્લાન કરતા વધુ બાંધકામ બદલ અન્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/આ.૯૩૧ તા.૧૬–૧૧–૧૧થી અઠવાઝોનના શહેર વિકાસ વિભાગનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબનાં માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ.૧) નાં નકલ દિઠ રૂા.ર/– તથા મંજૂર પ્લાનની નકલ (પ્લાન નંગ.૦ર) નાં રૂા.૮૨૪/– મળી કુલ રૂા.૮૨૬/– (અંકોમાં કુલ આઠસો છવ્વીસ પુરા) અઠવાઝોનની કચેરીનાં ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી માહિતીની નકલ મેળવી શકો છો. તેવું સમય મર્યાદામાં જણાવેલ. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અઠવાઝોને પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.૧૦૧૫ તા.૧૪–૧૨–૧૧ની પુરક વિગતોમાં આજદિન સુધી અરજદારે દસ્તાવેજ ફી ભરપાઈ કરી ગયેલ નથી તેવું જણાવેલ છે. અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં આ અંગે તેમણે કોઈ પ્રકાશ પાડેલ નથી કે પુરક રજૂઆત કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/આ. ૯૩૧ તા.૧૬–૧૧–૧૧થી દસ્તાવેજી ફી ભરી માહિતી મેળવવા જણાવેલ છે. જે પ્રસ્તાવ મુજબ અરજદાર ઈચ્છુક હોય તો દસ્તાવેજી ફી ના નાણાં ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,